# જોખમ ન લો.

## આજે જ લક્ષણો તપાસો. જો વહેલી તકે કેન્સર પકડાઇ જાય તો તેનો ઇલાજ થઇ શકે છે.

વહેલી તકે કેન્સરના નિદાન અને સારવાર માટે આંતરડા, સર્વાઇકલ/ગાયનેકોલોજિકલ અને સ્તન કેન્સરનાં લક્ષણોને ઓળખવા જરૂરી છે, જેનાથી જીવ બચાવવાના દરમાં નોંધપાત્ર વધારો થઇ શકે છે. શરીરમાં થતા ફેરફારો, જેમ કે કોઇ કારણ વિના રક્તસ્રાવ થવો, સતત પીડા, ગઠ્ઠો થવો અથવા અસામાન્ય સ્રાવ વિશે જાગૃત રહેવાથી તમે વહેલી તકે તબીબી સલાહ લઇ શકો છો.

લક્ષણો અંગે જાગરૂકતા દ્વારા પ્રારંભિક નિદાન કરાવવાથી વધુ અસરકારક અને ઓછી આક્રમક સારવાર થઇ શકે છે, સાજા થવાની શક્યતાઓ વધે છે અને જટીલતાનું જોખમ ઘટે છે.

**જો કોઇપણ બાબતે ગૂંચવણમાં હોવ તો તમારા GP સાથે વાત કરો**



આ પત્રિકા અને અન્ય માહિતી અલગ ભાષામાં મેળવવા માટે કૃપા કરીને QR કોડ સ્કેન કરો

## આજે જ લક્ષણો તપાસો. જો વહેલી તકે કેન્સર પકડાઇ જાય તો તેનો ઇલાજ થઇ શકે છે.

### આંતરડાનું કેન્સર

વધુ માહિતી માટે કૃપા કરીને QR કોડ સ્કૅન કરો અથવા તમારા GP સાથે વાત કરો

**આંતરડાના કેન્સરના નિદાનની હેલ્પલાઇન - 0800 707 6060**

### સ્ક્રીનીંગ

વધુ માહિતી માટે કૃપા કરીને QR કોડ સ્કૅન કરો અથવા તમારા GP સાથે વાત કરો

**સર્વાઇકલ કેન્સરના નિદાનની હેલ્પલાઇન - 0808 802 0019**

### સ્તન કેન્સર

વધુ માહિતી માટે કૃપા કરીને QR કોડ સ્કૅન કરો અથવા તમારા GP સાથે વાત કરો

**સ્તન કેન્સરના નિદાનની હેલ્પલાઇન - 0808 800 6000**

# તપાસ કરો. નિદાન કરો. ઇલાજ કરો!

**કેન્સરનું વહેલું નિદાન જીવન બચાવી શકે છે**

સ્ક્રીનીંગ

આંતરડાનું કેન્સર

સ્તન કેન્સર

**તેને તક ન આપશો, તપાસ કરો, નિદાન કરો, ઇલાજ કરો!**

# આંતરડાનું કેન્સર

UKમાં દર વર્ષે 16,000થી વધુ લોકો આંતરડાના કેન્સરથી મૃત્યુ પામે છે

આંતરડાનું કેન્સર એ ત્રીજું સૌથી સામાન્ય પ્રકારનું કેન્સર છે. નિદાન કરવવાથી આંતરડાનું કેન્સર થતું રોકી શકાય અથવા તેને પ્રારંભિક તબક્કે, જ્યારે તેની સારવાર કરવી સરળ હોય છે, ત્યારે શોધી શકાય છે.

## નિદાન કરો

- તમારા ગુદા માર્ગેથી લોહી પડવું
- હંમેશાં થાક લાગે પરંતુ ચોક્કસ કારણ ખબર ન હોય
- તમારી હાજતે જવાની આદતોમાં ફેરફાર થવો. તમે વારંવાર અથવા ઓછી વખત હાજતે જાઓ અથવા ઝાડા કે કબજિયાત થઈ શકે છે.
- તમને પેટમાં દુ:ખે અથવા ગઠ્ઠો થઇ ગયો હોય તેવું લાગે
- વજન ઘટવા લાગે પરંતુ ચોક્કસ કારણ ખબર ન હોય

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

## લક્ષણો

### ફીટ કીટ

GP રેકોર્ડર્સમાં ઉલ્લેખિત તમારા ઘરના સરનામાં પર મોકલવામાં આવશે. કિટનો ઉપયોગ જ્યાં સુધી સ્ટીકનો છેડો ઢંકાઇ ન જાય ત્યાં સુધી તમારા સ્ટૂલ (પૂ) પર સેમ્પલિંગ સ્ટીકને સ્ક્રેપ કરીને કરવામાં આવે છે પછી તેને સેમ્પલની બોટલમાં પાછી મૂકી દેવામાં આવે છે. બોટલ પર તારીખ લખો અને તે જ દિવસે પ્રી-પેઇડ પરબીડિયાંમાં નાખીને પાછી મોકલી દો

જેમની ઉંમર* 50-74 હોય | દરેક વ્યક્તિનું દર 2 વર્ષે નિદાન કરવામાં આવે છે

75 કે તેથી વધુ ઉંમર હોય તો — નિદાન કરાવવું જોઇએ

*એપ્રિલ 2025 સુધીમાં 50-74 વર્ષની વયના દરેકને દર 2 વર્ષે ફીટ કીટ મળશે

# સ્ક્રીનીંગ

UKમાંના 99.8% સર્વાઇકલ કેન્સરના કેસ એવા હોય છે જે અટકાવી શકાય છે.

સર્વાઇકલ/ગાયનેકોલોજિકલ નિદાનથી આ કેન્સર અટકાવી શકાય છે. તેમાં હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) નામના વાયરસનું પરીક્ષણ કરવામાં આવે છે. ઉચ્ચ જોખમના HPVના કારણે સર્વાઇકલ કોષો અસામાન્ય બની શકે છે. વાસ્તવમાં સર્વાઇકલ કેન્સરના તમામ કેસો ઉચ્ચ જોખમવાળા HPV સાથે સંકળાયેલા હોય છે.

## નિદાન કરો

- યોનિમાર્ગમાં થી અસામાન્ય રક્તસ્રાવ
- યોનિમાર્ગમાં થી ગંધયુક્ત પ્રવાહીનો સ્રાવ
- સતત થાક લાગવો
- મેનોપોઝ પછી રક્તસ્રાવ
- પગ/પેડુમાં પીડા
- સંભોગ દરમિયાન પીડા અને અસ્વસ્થતા
- વજનમાં અનપેક્ષિત રીતે ઘટાડો

**જો તમારી જન્મતારીખના આધારે તમને 24 વર્ષની ઉંમરે તમારા સ્મીયર ટેસ્ટ માટે આમંત્રિત કરવામાં આવે છે, તો તમે તમારા GP/નર્સને તમને HPV રસી આપવા માટે કહી શકો છો.**

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

## લક્ષણો

### થોડી માત્રામાં સ્વેબ

આ પરીક્ષણમાં નાના નરમ બ્રશનો ઉપયોગ કરીને તમારા સર્વિક્સ પરના કોષોનું સેમ્પલ લેવામાં આવે છે.
આ પરીક્ષણ કેન્સરની તપાસ કરવા માટે નથી પરંતુ HPVના પ્રકારો તપાસવા માટે છે

જેમની ઉંમર 25-49 વર્ષ હોય તેમને દર 3 વર્ષે | જેમની ઉંમર 50-64 વર્ષ હોય તેમને દર 5 વર્ષે

સર્વિક્સ ધરાવતા દરેક વ્યક્તિએ સર્વાઇકલનું નિદાન કરાવવું જોઇએ

# સ્તન કેન્સર

UKમાં કેન્સરના નવા નોંધાતા કુલ કેસોમાંથી 15% કેસ સાથે સ્તન કેન્સર અહીં જોવા મળતો કેન્સરનો સૌથી સામાન્ય પ્રકાર છે,

સ્તન કેન્સરના નિદાન દ્વારા પ્રત્યેક 200માંથી 1 મહિલાનું જીવન બચાવી શકાય છે. આનાથી UKમાં દર વર્ષે સ્તન કેન્સરથી લગભગ 1,300 લોકોનો જીવ બચી શકે છે.

## નિદાન કરો

- સ્તનમાં ગઠ્ઠો
- સ્તનની ડીંટડીની સ્થિતિ ઉલટી થઇ જાય
- ત્વચામાં લાલાશ અને ગરમ રહે
- સંપૂર્ણ સ્તનમાં અથવા અમુક ભાગમાં સોજો
- લોહી નીકળે
- બગલ પર દેખીતો ગઠ્ઠો થાય
- ત્વચામાં ખાડા પડે અથવા નિસ્તેજ થઇ જાય
- ત્વચામાં બળતરા થાય અથવા તેના દેખાવમાં ફેરફાર થાય

**જો તમને શરીરમાં કંઇક અસામાન્ય લાગે, તો તમારા GPનો સંપર્ક કરો**

## લક્ષણો

### મેમોગ્રામ (એક્સ-રે)

આ પ્રક્રિયા કુલ 4 વખત પૂરી કરાશે જેમાં સ્ટાફના મહિલા સભ્ય દ્વારા દરેક સ્તન પર 1 અથવા 2 વખત કરીને 2 વખત કરાશે.

અમારો સંપર્ક નંબર **01204 39 04 54** છે અથવા અહીં ઈમેલ કરો-
**BSU.Appointments@boltonft.nhs.uk**

જેમની ઉંમર 50-71 હોય દર 3 વર્ષે | જેમની ઉંમર 71+ હોય તેઓ જાતે કરાવી શકે

નિદાનમાં લગભગ 30 મિનિટનો સમય લાગશે.